**સારું પરિણામ મેળવવા માટે વાતોથી નહીં રાતોથી લડવું પડે છે.**

**૪. સંશોધન સાધનો તૈયાર કરવા : (Research Tools)**
- પ્રશ્નાવલિ (Questionnaire) તૈયાર કરી.
- થોડા વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે ઇન્ટરવ્યુ લીધા.
- PreTest અને Post Test MCQ પરીક્ષાના પરિણામોનું વિશ્લેષણ કરવામાં આવ્યું.

**૫. માહિતી એકત્રિત કરવી (Data Collection)**
- વિદ્યાર્થીઓ પાસેથી પ્રશ્નાવલિ દ્વારા જવાબો મેળવવામાં આવ્યા.● ઇન્ટરવ્યુ દ્વારા વધારાની ગુણાત્મક માહિતી મેળવી.

**૬. માહિતીનું વિશ્લેષણ (Data Analysis)**
- પ્રાપ્ત થયેલાં આંકડાઓને વર્ગીકૃત કરીને ટકા આધારિત વિશ્લેષણ કરાયું.
- શેના કારણે સૌથી વધુ અસર થાય છે તે શોધવામાં આવ્યું.

**૭. પરિણામો અને તારણો (Findings & Conclusions)**
- મુખ્ય કારણો બહાર પડ્યા : નિયમિત પ્રેક્ટિસનો અભાવ, ભાષા અવરોધ સમય સંચાલનની સમસ્યા, માનસિક દબાણ

**૮. સૂચનો (Suggestions)**
- વધુ પ્રેક્ટિસ ટેસ્ટ, ખ્યાલ આધારિત શિક્ષણ, કાઉન્સેલિંગ અને ટેકનોલોજી આધારિત અભ્યાસ માટે સૂચનો આપવામાં આવ્યા.

**➢ કસોટી દ્વારા ચકાસણી**

**૧. પૂર્વપરીક્ષા અને અનુપરીક્ષા (Pre-Test & Post-Test)**
- સંશોધનમાં પસંદ કરાયેલા વિદ્યાર્થીઓની પ્રથમ MCQ Pre-Test લેવાય.
- ત્યારબાદ તેમને ખ્યાલ આધારિત શિક્ષણ, MCQ પ્રેક્ટિસ અને સમય સંચાલન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.
- અંતે ફરીથી MCQ Post-Test લેવાઈ.● બંને પરિણામોની તુલના કરીને ચકાસાયું કે વિદ્યાર્થીઓના ગુણમાં સુધારો થયો કે નહીં.

**૨. તુલનાત્મક વિશ્લેષણ (Comparative Analysis)**
- જે વિદ્યાર્થીઓ નિયમિત MCQ પ્રેક્ટિસ કરતા હતા અને જે નથી કરતા એમના પરિણામોની તુલના કરાઈ.
- આથી સ્પષ્ટ થયું કે MCQ પ્રેક્ટિસ અને સમય સંચાલન તાલીમથી ગુણમાં તફાવત આવે છે.

**➢ પૃથક્કરણની પ્રક્રિયા**

**૧. માહિતીની ગોઠવણી (Classification of Data)**
- વિદ્યાર્થીઓ પાસેથી ભરાવેલી પ્રશ્નાવલીઓને ચકાસી.
- જવાબોને વિભાગવાર વર્ગીકૃત કરવામાં આવ્યા : અભ્યાસપદ્ધતિ, પરીક્ષા દરમિયાનની મુશ્કેલીઓ, ભાષા અવરોધ, શિક્ષણ-માર્ગદર્શન, ટેકનોલોજીનો ઉપયોગ

**૨. કસોટી પરિણામનું પૃથ્થકરણ**
- MCQ પરીક્ષાના માર્ક્સને ટેબ્યુલેશન (Tabulation) કરીને ૬–૧૦, ૧૧–૧૫, ૧૬–૨૦ વગેરે ગુણ શ્રેણીઓમાં વહેંચ્યા.
- Pre-Test અને Post-Testનામાર્કને ટેબલસ્વરૂપે તૈયાર કર્યુ. તથા તેની પ્રગતિને ચાર્ટ સ્વરુપે રજૂ કર્યુ.

**3. આંકડાકીય પધ્ધતિ (Statistical Methods)**
- Percentage Method : કેટલાં ટકા વિદ્યાર્થીઓએ કયા પ્રશ્નમાં મુશ્કેલી અનુભવેલી તે દર્શાવાયું.
- Bar Chart દ્વારા પરિણામને દૃશ્ય સ્વરૂપે રજૂ કરાયું.

**➢ પરિણામો (Results)**

૧. ૭૦% વિદ્યાર્થીઓ નિયમિત MCQ પ્રેક્ટિસ કરતા નથી. (૨) ૬૦% વિદ્યાર્થીઓ ભાષા અવરોધને કારણે મુશ્કેલી અનુભવે છે.

3. ૫૫% વિદ્યાર્થીઓ સમય સંચાલન કરી શકતા નથી. (૪) ૫૦% વિદ્યાર્થીઓએ માનસિક દબાણને મુખ્ય ગણાવ્યું.

૫. ફક્ત 30% વિદ્યાર્થીઓ ટેકનોલોજી આધારિત અભ્યાસ સાધનોનો ઉપયોગ કરે છે.